Vol. 11, Issue: 6, June: 2023
(IJRSML) ISSN: 2321 - 2853

# નીતિશતકમાં ધનનો મહિમા

માલાજી એન. સોલંકી

## ૧. પૂર્વભૂમિકા

સમાજજીવનમાં ધન એ માનવીની મુખ્ય જરૂરિયાત બની ગઈ છે. સમગ્ર સામાજિક વ્યવહાર આવે છે. ધન પર અવલંબે છે. કહેવાય છે કે સમાજમાં માનવીની દરેક પ્રવૃત્તિ પાછળ ધનનું ઉપાર્જન કરવાનો ઉદ્દેશ્ય રહેલો છે. માનવી પૈસો મેળવવા માટે ગામડાઓમાંથી સ્થળાંતર કરીને શહેરોમાં સ્થિર થતો જાય છે અને તે પોતે આજના આ ટેકનોલોજીના સાધનોની સાથે કદમ મિલાવતો એક મશીનની જેમ કામ કરતો થઈ ગયો છે. પૈસો માણસને મોટી હૂંફ પૂરી પાડે છે. ઇન્દ્રિઓ, કર્મ, બુદ્ધિશક્તિ, વાણી વગેરે બધી દષ્ટિએ માણસમાં ફેરફાર ન હોય પણ એકવાર પૈસાની ગરમી થાય એટલે બધું જ બદલાઈ જાય છે.

## ૨. ધનની પ્રશંસા

આપણા આ સંસાર જીવનમાં ધનીકને જ સર્વોત્તમ ગણવાની પ્રથા પ્રવર્તે છે. માટે ભર્તુહરિ પણ ધનની પ્રશંસા કરતા કહે છે

यस्यास्ति चिंत स नर : कुलीनः
स पण्डितः स श्रुतवान्गुणक्ष:
एवं वक्ता स च दर्शनीयः सर्व
गुणा: काचनमाश्रयन्ति II64 10 I

જેની પાસે પૈસો છે તે મનુષ્ય કુલીન છે. તે પંડિત છે, શાસ્ત્રીનો જાણકાર છે, અને ગુણોનો પારખું છે, તે જ વ્યક્તા છે, અને તે દેખાવડો ગણાય છે. બધા ગુણો સોનાને આશરે રહેલા છે. અહીં કવિ સ્પષ્ટ રીતે એ પણ સૂચવે છે. કે આ બધા ગુણ વ્યક્તિને નહીં, તેના ધનને લાગુ પાડવામાં આવે છે.

## ૩. ધનની સમાજજીવન પર થતી અસર

સમાજમાં ધનિકોનો જ મહિમા ગવાતો હોય તો તેમાંથી ઘણાં બધાં સમાજ જીવનને અસર કરતાં અનિષ્ટો પણ પેદા થતાં હોય છે અને માનવી પૈસા પાછળ એટલો બધો ઘેલો બની જાય છે. તે પોતાના સામાજિક વ્યવહારો, આદર્શો, નીતિનિયમો વગેરેને નેવે મૂકીને કોઈપણ પ્રકારના અનિષ્ટ કાર્યો કરતાં પણ અચકાતો નથી. તે સમાજના સંબંધો જેવાં કે માતા- પિતા, ભાઈ-બહેન , મામા, કાકા-બાબા વગેરેના ગુરુજનો વડીલો પ્રત્યેના શ્રેષ્ઠ આદર્શો અને સંબંધોને પણ ભૂલી જતો હોય છે. અને ખૂન-ખરાબા કરતાં પણ અચકાતો નથી. આવા અનિષ્ટની બાબત કવિ ભર્તુહરિએ ખૂબ જ ટીકા કરતાં કહ્યું છે કે,

'एते सत्पुरुषा परार्थघट: स्वार्थ परित्यज्य ये
सामान्यास्तु परार्थामुधमभुत: स्वार्थीविरोधेन ये
तेडमहि मनुषरीक्ष सा: परहिंत स्वार्थाय निध्नन्ति ये I

ये निघ्नन्ति निरर्थक परहिंत ते के न जनीमहे ll ४७ l l

જેઓ સ્વાર્થ ત્યજીને પરોપકાર કરનાર છે તેઓ સજ્જનો છે. પરંતુ સ્વાર્થને આંચ ન આવે એ રીતે પરોપકાર માટે ઉદ્યમ કરનાર મનુષ્યો સામાન્ય છે. સ્વાર્થ માટે જેઓ પારકાના હિતનો નાશ કરે છે. તેવા આ મનુષ્યરૂપી રાક્ષસો છે. પણ જેઓ લેવા-દેવા વિના પારકાંના હિતનો નાશ કરે છે. તેઓ કોણ છે તે અમે પણ જાણતા નથી.

### ૪. ધનનો મોહ અને અભિમાન

આ સમાજમાં પહેલાં ખોબો ધન માટે વલખાં મારતો માણસ ધન મેળવીને ધરતીને પણ તુચ્છ સમજે નથી. છે.. ધનની મોહિની એવી છે કે ભલભલાને લલચાવે કે જે થવાનું હોય તે થાય અમારું ખિસ્સું ભરાય એટલે બસ જાતિ, ગુણ, શીલ, કુલીનતા, શૌર્ય વગેરે પડે ખાડામાં, પૈસા વિના આ કશાયની કિંમત નથી. એકવાર પૈસો આવી મળ્યો એટલે આંખો આસમાને પહોંચે છે. કવિ. પુષ્પદંત આવા સમૃદ્ધિવાળા માણસને વિશે ખૂબ જ સરસ કહ્યું છે કે-

"હુ ત્રિપુરારિ શિવ તમારી સેવા કરવાથી પ્રાપ્ત થયેલ બળવાળા અનેક હાથનું બળ તમારા નિવાસસ્થાનરૂપી કૈલાસશીખર ઉપર અજમાવતાં સહેજ અંગૂઠાનો છેડો દબાવ્યો ત્યારે એ રાવણની સ્થિતિ પાતાળમાં પણ દુર્લભ થઈ ગઈ હતી. ખરેખર ? સમૃદ્ધિવાળો દુર્જન મોહ પામે છે." (છકી જાય છે.)પરંતુ સર્વગુણો સોનાના આશ્રયે રહેલા છે. તેમ સર્વગુણોનું મૂળ પણ ચારિત્ર્ય છે. માણસે હંમેશાં પોતાની મૂળ પ્રકૃતિને ભૂલવી ન જોઈએ. માન્નસના જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવી પહોંચે પરંતુ બુદ્ધિમાન માણસે તેમનો ધીરજ અને સમજપૂર્વક સામનો આપો. કરે તો તે યોગ્ય રીતે પાર પાડી શકે છે. આવી આપત્તિની વિશે કવિ ભર્તુહર કહે છે કે :

"निन्दन्तु नीतिनिपुणता यदि वास्तुवन्तु
लक्ष्मी: समाविशतु गच्छतु वा यथ्ठेच्छम l
अधेव वा मरणमस्तु युगान्तरे वा
न्यायत यथ: प्रविचलन्ति पदं न धीरा: ll 10 ll

નીતિમાં પારંગત લોકો નિંદા કરે કે પ્રશંસા કરે, લક્ષ્મી મળી આવે કે ઈચ્છા મુજબ ચલી જાય, આજે જ મૃત્યુ થાય કે એક યુગ પછી થાય, પરંતુ ધીરપુરુષો ન્યાયના માર્ગમાંથી એક ડગલું પણ ખસતાં નથી.

### ૫. ધનની ત્રણ ગતિઓ (ઉપયોગ)

કવિ ભર્તુહરિએ ધનની પ્રશંસાની સાથે સાથે તેનો કઈ રીતે ઉપયોગ કરવો તે પણ ખૂબ જ સરસ રીત કહ્યું છે. પૈસા ટકે સમૃદ્ધ માણસે લક્ષ્મીનો કઈ રીતે વ્યય કરી માણસે આત્મસંતોષ માનવી તેના વિશે કવિએ ધનની ત્રણ ગતિઓ ગણાવી છે. દાન, ભોગ અને નાશ. આમાંથી દાનને સૌથી પહેલું સ્થાન આપેલું છે. ઉપાર્જિત કરેલ વિત્તનો દાન દ્વારા ત્યગ કરીને સંતોષ માનવો જોઈએ. બાકીનું ભોગવવાની ભલામણ છે. આ બેમાંથી એકપણ નહી કરનાર માણસનું ધન નાશ પામે છે. ત્યાગીને ભોગવી જાણવાની ભાવનાનો અહીં સરસ પ્રતિસાદ સંભળાય છે. એક ડગલું આગળ ચાલીને કવિ કહે છે કે દાન આપીને ધસાઈ ગયેલા માણસ કલંકિત નથી બનતા. રાજની બાબતમાં વિચારીએ તો તેણે માત્ર ધનસંચય ન કરવો પણ સંચિત દ્રવ્યનું વિતરણ કરી પ્રજાપાલન કરવું દોહીએ ત્યારે દાણ પણ મૂકવું પડે ધન આપીને ધન લો અને લઈને આપો

ધન ભોગવવાની બાબતમાં તો ઈશાવાસ્ય ઉપનિષદમાં પણ ખૂબ જ સરસ કહ્યું છે કે આ જગતમાં ઈશના યથાયોગ્ય સ્થાન એવા દરેક સ્થાને એટલે કે અણુએ અણુમાં ઈશ્વરનો વાસ રહેલો છે. માટે મનુષ્ય આ જગતમાં જે કઈ છે તે બધુ જ ઈશ્વરનું છે. અને ઈશ્વરની કંપાથી આ ધન પણ શક્ય છે. માટે તુ આ ધનનો લોભી ન બનતાં તું તેનો ત્યાગ ધ્ધારા ભોગવ ત્યાગી મનુષ્ય સર્વજનમાં શ્રેષ્ઠ છે. વળી આપણા આર્ષકાવ્ય રામાયણ' તરફ નજર કરીએ તો તેમાં પણ આપણને ત્યાગી માણસનું શ્રેષ્ઠ ઉદાહરણ જેવા મળે છે. જેમ કે, રામ રાજ્યનો ત્યાગ કરી વચન પ્રમાણે વનવાસ પસંદ કરે છે તો વળી ભરત પણ રાજ્યનો સ્વીકાર ન કરતાં પોતે રાજ્યનો ત્યાગ દ્વારા રામની પ્રતિમાથી રાજ્યનું સંચાલન કરે છે. માટે ૪ આજ સુધી રામ અને ભરત જેવા ત્યાગી માણસો હજુ સુધી પણ જીવંત છે. તેથી માણસે હંમેશાં ધનનો ત્યાગ દ્વારા જ ભોગવવું જોઈએ વળી ભર્તુહરિ વૃક્ષો અને વાદળોનાં દૃષ્ટાંત દ્વારા સામાન્ય માનવી અને સજ્જનોના તફાવત દર્શાવે છે. સામાન્ય માનવી સમૃદ્ધિ આવતાં અભિમાની બની જાય છે. અને પોતાની પાસે આવેલી સંપત્તિ અવળા માર્ગ વાપરે છે કાં તો સંગ્રહ કરે છે. જ્યારે સજ્જન સમૃદ્દિથી છકી ન જતાં તે પોતાની સંપત્તિ લોકોના દુઃખ દૂર કરવામાં વાપરે છે. કેમ કે ધનનો યોગ્ય રીતે વ્યય કરવો એ તેમની મૂળ પ્રકૃતિ છે. માણસે પોતાની પ્રવૃત્તિ કયારેય ભૂલવી જોઈએ નહીં.

**૬. સમાપન**

આમ અહીં ઉપરોક્ત લેખમાં ધનનો મહિમા ખૂબ સરસ રીતે આવરી લેવામાં આવ્યો છે.માનવજીવનમાં ધનનું કેટલું મહત્ત્વ છે અને ધનવાન પાસે શું નથી હોતું : આમ ધન યુક્ત માણસને ખૂબ ઊંચો દરજ્જો આપવામાં આવ્યો છે. અને વળી ધન પાછળ અંધ બનેલ વ્યક્તિ કેવા કેવા અનિષ્ટ આચરણો કરે છે. તેમજ ધનથી સમૃદ્ધ માણસ શું નથી કરતો અને ધનનો ઉપયોગ અર્થાત તેનો વ્યય કેવી રીતે કરવો જોઈએ વગેરેની બાબત ઉપરોક્ત લેખમાં નિરૂપણ કરવામાં આવ્યું છે

**સંદર્ભસૂચિ**

१.प्राचीन भारतीय संस्कृत साहित्य का इतिहास बलदेव उपाध्याय द्वितीय आवृत्ति
२.शतकत्रयी चोखाम्बा प्रकाशक –प्रथम आवृत्ति
३.भरतुहरि का नितिशतक –पाश्व प्रकाशन –प्रथम आवृत्ति